દાખલ તારીખઃ–૧૮/૦૨/૨૦૨૬
રજી. લીધા તારીખઃ–૧૮/૦૨/૨૦૨૬
ફેસલ તારીખઃ– ૧૩/૦૭/૨૦૨૬
**ફોજદારી કેસ નં.૩૧૫/૨૦૨૬**
**આંકઃ–**

## (૧) ફોર્મ –એ

| |
|---|
| **વઢવાણના મ્હે. શ્રી જે.ડી.પટેલ, જયુડિશીયલ મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ–વઢવાણ**<br>વઢવાણ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૫૫૨૫૦૬૨૬/૨૦૨૫<br>પ્રોહી. એકટની કલમ– ૬૫(એ.એ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ |
| ફરીયાદીઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદપક્ષે એપીપીશ્રીઃ– બી.એ.રાવત |
| આરોપીઃ– (૧) જગદિશભાઇ ખોડુભાઇ ખેર,<br>રહેવાસી – વાડલાગામ, તા–વઢવાણ, જી–સુરેન્દ્રનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રીઃ– એ.આર.લકુમ |

## (૨) ફોર્મ – બી.

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૮/૦૯/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૯/૦૯/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| ચાર્જફ્રેમની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૧૩/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ(જો હોય તો) | ––– |

**આરોપીની વિગતો**

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે | શુ દોષિત કે નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જગદિશભાઇ ખોડુભાઇ ખેર | ૧૮/૦૯/૨૫ | | પ્રોહી–૬૫(એએ) ૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબ | નિર્દોષ | –– | –– |

## (૩) ફોર્મ– સી

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગતો.**

(એ) ફરીયાદપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૬ | અશોકભાઇ દેવજીભાઇ મકવાણા | પંચ |
| ૨ | ૯ | અલ્પેશભાઇ દલાજીભાઇઇ તેરવાડીયા | પંચ |
| ૩ | ૧૦ | કેસરીસીંહ અજીતસીંહ ડોડીયા | ફરીયાદી |
| ૪ | ૧૨ | દશરથસીંહ રતનસીંહ પરમાર | ત.ક.અ. |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ.**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | પંચનામુ |
| ૨ | ૧૧ | ફરીયાદ |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**–:: જજમેન્ટ ::–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગતઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી વિગત હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ કલાક–૨૨.૪૦ વાગ્યે વઢવાણ કાંગસીયાપરામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સ્વીફટ ગાડી જેના રજીસ્ટર નંબર જી.જે.૦૧–કે.બી.૫૦૩૦, કિંમત રૂ.૧,૫૦,૦૦૦/– વાળીમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ

દારૂની અલગ અલગ કંપનીની શીલબંધ બોટલો નંગ–૧૨, કિંમત રૂ.૨૧,૩૮૪/– તથા એક એન્ડ્રોઇટ મોબાઇલ ફોન કિંમત રૂ.૫૦૦૦/– તેમજ એક મરૂન કલરનો થેલો મળી કુલ કિંમત રૂ.૧,૭૬,૩૮૪/–ના મુદામાલ સાથે પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ),૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ ફરીયાદીની ફરીયાદ અંગે ગુનો નોંધી ગુનાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય હાલનુ ચાર્જશીટ કરેલ છે.

સદર કામે ફરીયાદપક્ષના કેસ સબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરૂરી છે કે, ગુજરાત સરકારશ્રી દ્રારા તાજેતરમાં પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઇઓ તેમજ સજા સબંધી જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ હતો. બાદ નામદાર ગુજરાત રાજય વડિ અદાલત દ્રારા ફો.પ.અ.નં.૮૮૯૨/૨૦૧૮, તા.૦૫/૦૫/૨૦૧૮ દ્રારા આપવામાં આવેલ ચુકાદા મુજબ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનુ ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના કેસો ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને આપેલ હોય, જેથી હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

**(૨)** આરોપીને સમન્સ/વોરંટની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી આંક–૪ થી આરોપીની પ્લી નોંધવામા આવેલ છે. જેમા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરેલ છે, જેથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**(૩)** આ કામના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શુ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ કલાક–૨૨.૪૦ વાગ્યે વઢવાણ કાંગસીયાપરામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સ્વીફટ ગાડી જેના રજીસ્ટર નંબર જી.જે.૦૧–કે.બી.૫૦૩૦, કિંમત રૂ.૧,૫૦,૦૦૦/– વાળીમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની અલગ અલગ કંપનીની શીલબંધ બોટલો નંગ–૧૨, કિંમત રૂ.૨૧,૩૮૪/– તથા એક એન્ડ્રોઇટ મોબાઇલ ફોન કિંમત રૂ.૫૦૦૦/–

તેમજ એક મરૂન કલરનો થેલો મળી કુલ કિંમત રૂ.૧,૭૬,૩૮૪/-ના મુદામાલ સાથે પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એએ),૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

**(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

(૧) નકારમા

(૨) આખરી હુકમ મુજબ

**-:: <u>કારણો</u> ::-**

**(૫)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમા નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવાની હોતી નથી. પરંતુ આરોપી ઉપરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવાની રહે છે. આરોપીએ અપવાદની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૬)** ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં ઉપર જણાવેલ પંચ સાહેદોને આંક-૬ અને આંક- ૯ થી તપાસવામાં આવેલા છે. સદર પંચ/સાહેદો પોતાની સોંગદ પરની સરતપાસમા જણાવેલ છે કે, તેઓ રસ્તા ઉપરથી જતા હતા ત્યારે પોલીસે બોલાવી એક લખેલ તૈયાર પંચનામામા સહી કરાવેલ. તે પંચનામુ શી બાબતનુ હતુ તેની ખબર નથી. પંચનામામા તેઓની સહી ઓળખી બતાવે છે જે પંચનામુ આંક-૭ થી રજુ કરેલ છે. સદર પંચોની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય.

સદર પંચ/સાહેદોની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતનો સમર્થન આપતા ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી પંચ/સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરેલ છે. તેમ છતા ઉલટતપાસમાંથી પણ ફરીયાદને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત બહાર આવતી નથી.

આમ, પંચ/સાહેદોની સરતપાસ જોતા ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત બહાર આવતી નથી. જેથી ઉપરોકત પંચ સાહેદોના પુરાવાથી તેઓની હાજરીમા આ કામના

આરોપી પાસેથી કોઇ પ્રોહીબીશન મુદામાલ દારૂ કબ્જે કરવામાં આવેલ હોય અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ તેઓના લખાવ્યા મુજબનુ તૈયાર કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી.

**(૬.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી ફરીયાદી કેસરીસીંહ અજીતસીંહ ડોડીયાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, અમો તથા પો.કોન્સ, દિપકકુમાર ચુનીલાલ કમાણીયા તથા પો.હેડ.કોન્સ. ડી.આર.પરમારનાઓ ગઈ તા. ૧૮/૦૯/૨૦૨૫ ના કલાક ૨૩/૦૦ વાગ્યે કોમ્બીંગ નાઈટ અન્વયે પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે દરમ્યાન એક અરજદાર પોલીસ સ્ટેશન આવેલ અને જણાવેલ કે વઢવાણ કાંગસીયાપરામાં બે ઇસમો કોરવ્હીલ ગાડી લઇ અમારી સાથે ઝઘડો કરવા આવેલ છે. તો પોલીસ મોકલો જેથી અમો બધા સરકારી બોલેરો ગાડી લઈ વઢવાણ કાંગસીયાપરામાં કલાક. ૨૨/૩૦ વાગ્યે પહોંચતા બે ઇસમો સફેદ કલરની સ્વીફ્ટ ગાડી પાસે લઇ સ્વીફ્ટ ગાડીનો દરવાજો ખોલતા પાછળની સીટમાં એક મરૂન કલરનો થેલો પડેલ હોય જે થેલો ખોલતા તેમાં ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની બોટલો હોય જેથી સાથેના પો.હેડ.કોન્સ. ડી.આર.પરમાર નાઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને સમજ કરી પ્રથમ ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ જગદીશભાઇ ખોડુભાઈ ખેર જાતે.કારડીયા રાજપુત ઉ.વ.૪૩ ધંધો,ખેતી રહે.વાડલાગામ તા.વઢવાણ તથા બીજા ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનું નામ હરદિપભાઈ સ/ઓ જગદીશભાઇ ખોડુભાઈ તેમજ જાતે કારડીયા રાજપુત ઉ.વ.૧૭ રહે.વાડલાગામ તા.વઢવાણ વાળો હોવાનુ જણાવેલ તેમજ મજકુર પ્રથમ ઇસમ પાસે પંચો રૂબરૂ ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલો પોતાના કબ્જામાં રાખવા બાબતે પાસપરમીટ હોય તો રજુ કરવા જણાવતા નહી હોવાનું જણાવેલ જેથી મજકુર ઇસમની સ્વીફ્ટ ગાડીમાં પાછળની સીટમાં થેલામાં રહેલ ભારતીય બનાવટની અલગ અલગ કંપનીની વિદેશીદારૂની બોટલો ગણી જોતા નીચેની વિગતે છે. (૧) બ્લેકડોગ બ્લેક રીઝર્વ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઇન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ–૦૪ જેના ઉપર BOTTLED(PACKED) BY UNITED SPIRITS LIMITED AT KHASA DISTILLERY CO, A UNIT OF DIGVIJAY CHEMICALS LTD, KHASA DIST AMRITSAR PUNJAB 143 107 તથા LIC NO 10015063000643 લખેલ છે જે એક બોટલની કિ.રૂ. ૧૬૫૦/– ગણી કુલ બોટલ નંગ ૦૪ ની કિ.રૂ.૬૬૦૦/– ગણી પંચો

રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોંટાડી ઉપર પો.ઇન્સ. વઢવાણના હોદ્દાનુ લાખ વડે શીલ કરી એફ.એસ.એલ. સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

(૨) બ્લેક એન્ડ વાઇટ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઇન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ ૦૫ જેના ઉપર BOTTLED(PACKED) BY UNITED SPIRITS LIMITED AT KHASA DISTILLERY CO, A UNIT OF DIGVIJAY CHEMICALS LIMITED KHASA DIST AMRITSAR PUNJAB 143 107 તથા LIC NO 10012043000382 તથા બેંચ નંબર QBB 21/L4 લખેલ છે. જે એક બોટલની કિ.રૂ.૧૭૯૧/- ગણી કુલ બોટલ નંગ ૦૫ ની કિ.રૂ.૮૯૫૫/- ગણી પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ છે.તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોટાડી ઉપર પો.ઈ.વઢવાણના હોદાનુ લાખ વડે શીલકરી એફ.એસ.એલ.સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

(3) VAT 69 બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઇન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ ૦૩ જેના ઉપર MARKETED BY UNTED SPIRTS LTD UBTOWER 24 VITAL MALYA ROAD BENGALURU 56001 તથા LIC NO 10012043000382 તથા બેંચ નંબર QVQ 18/L4 લખેલ છે જે એક બોટલની કિ.રૂ. ૧૯૪૩/- ગણી કુલ બોટલ નંગ ૦૩ ની કિ.રૂ.૫૮૨૯/- ગણી પંચો રૂબરૂ તપાસ અર્થ કબ્જે કરેલ છે. તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોંટાડી ઉપર પો.ઇન્સ. વઢવાણના હોદ્દાનુ લાખ વડે શીલ કરી એફ.એસ.એલ. સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

બાદ મજકુર ઇસમો જે સફેદ કલરની સ્વીફ્ટ ગાડીમાં ભારતીય બનાવટનો વીદેશી દારૂનો જથ્થો લઇ આવેલ હોય તે સ્વીફ્ટ ગાડી જોતા મારૂતી સુઝુકી કંમ્પનીની સ્વીફ્ટ ગાડી જેના આગળ પાછળ રજી નંબર જોતા GJ 01 KB 5030 હોય જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/-ગણી ઉપરોક્ત તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ તેમજ એક મરૂન કલરનો થેલો કિ. રૂા.૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ મજકુર ઇસમ જગદીશભાઈ ખોડુભાઈ ખેર વાળાની અંગઝડતી કરતા એક સફેદ કલરના કવરવાળો પાછળના ભાગે શીવાજી મહારાજના ચીત્ર વાળો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન મળી આવતા કિ.રૂ.૫૦૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. અને આ અંગેનુ વિગતવારનુ પંચનામુ સાથેના પો.હેડ કોન્સ. ડી.આર પરમાર નાઓએ કલાક.૨૨/૪૦ થી કલાક. ૨૩/૧૦ વાગ્યા સુધીનુ કરી લઇ

પકડાયેલ પ્રથમ ઇસમને ગુનાના કામે ધોરણસર અટક કરેલ છે તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ડીટેઇન કરવા તજવીજ કરેલ છે. મજકુર બન્ને ઇસમોએ ગે.કા.પાસપરમીટ વગર પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સ્વીફ્ટ ગાડી રજી નંબર GJ 01 KB 5030 કિ.રૂ.૧,૫૦,૦૦૦/- વાળીમાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ અલગ કંમ્પનીની શીલબંધ બોટલો નંગ.૧૨ કિ.રૂ.૨૧૩૮૪/- તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- તથા એક મરૂન કલરનો થેલો કિ. રૂા.૦૦/૦૦ મળી કુલ કિ.રૂ. ૧,૭૬,૩૮૪/- ના મુદ્દામાલ સાથે અટક કરેલ. પ્રોહીબીશન એક્ટ કલમ.૬૫(એ)(એ),૧૧૬બી, ૯૮(૨),૮૧ મુજબ ફરિયાદ મે આપેલ. મને ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ જે રજુ દાખલ આંક -૧૧ આપવામાં આવે છે. આરોપીને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર જણાતા નથી આરોપી તર્ફે મુક્તિ રીપોર્ટ હોય ઓળખ અંગે તકરાર નથી.

જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતો મુદામાલ જે કંપનીનો હતો તે કંપનીના અધિકૃત અધિકારીના કોઇ નિવેદનો નોંધેલ નથી. કહેવાતો મુદામાલ શીલબંધ હોય તે અંગે કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે આજદિન સુધી કોઈ મુદામાલ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી. આ સિવાય સાહેદને પુછવામાં આવેલ સવાલોના ઇન્કારમા જવાબ આપેલ છે.

**(૬.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક-૧૨ થી ત.ક.અ. દશરથસીંહ રતનસીંહ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, ગઇ તા.૧૮/૦૯/૨૦૨૫ ના કલાક ૨૩/૦૦ વાગ્યે કોમ્બીંગ નાઇટ અન્વયે અમો તથા પો.કોન્સ. દિપકકુમાર ચુનીલાલ ડુમાણીયા તથા પો.હેડ.કોન્સ. ડી.આર.પરમાર નાઓ પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે દરમ્યાન એક અરજદાર પોલીસ સ્ટેશન આવેલ અને જણાવેલ કે વઢવાણ કાંગસીયાપરામાં બે ઇસમો ફોરવ્હીલ ગાડી લઇ અમારી સાથે ઝઘડો કરવા આવેલ છે. તો પોલીસ મોકલો જેથી અમો બધા સરકારી બોલેરો ગાડી લઈ વઢવાણ કાંગસીયાપરામાં કલાક.૨૨/૩૦ વાગ્યે પહોંચતા બે ઇસમો સફેદ કલરની સ્વીફ્ટ ગાડી પાસે ઉભેલ હોય અને દેકારો કરતા હોય જેથી તેઓને પકડી તેઓની પાસેથી સ્વીફ્ટ ગાડીની ચાવી લઇ સ્વીફ્ટ ગાડીનો દરવાજો ખોલતા પાછળની સીટમાં એક મરૂન કલરનો થેલો પડેલ હોય જે થેલો ખોલતા તેમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બોટલો હોય જેથી અમોએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને સમજ કરી પ્રથમ ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ

નામ જગદીશભાઈ ખોડુભાઈ ખેર જાતે.કારડીયા રાજપુત ઉ.વ.૪૩ ધંધો. ખેતી રહે.વાડલાગામ તા.વઢવાણ તથા બીજા ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ હરદિપભાઈ સ/ઓ જગદીશભાઈ ખોડુભાઈ ભાઈ ખેર જાતે કારડીયા રાજપુત ઉ.વ. ૧૭ રહે.વાડલાગામ તા.વઢવાણ વાળો હોવાનુ જણાવેલ તેમજ મજકુર પ્રથમ ઈસમ પાસે પંચો રૂબરૂ ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલો પોતાના કબ્જામાં રાખવા બાબતે પાસપરમીટ હોય તો રજુ કરવા જણાવતા નહી હોવાનુ જણાવેલ જેથી મજકુર ઈસમની સ્વીફ્ટ ગાડીમાં પાછળની સીટમાં થેલામાં રહેલ ભારતીય બનાવટની અલગ અલગ કંમ્પનીની વિદેશીદારૂની બોટલો ગણી જોતા નીચેની વિગતે છે.

(૧) બ્લેકડોગ બ્લેક રીઝર્વ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઈન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ-૦૪ જેના ઉપર BOTTLED(PACKED) BY UNITED SPIRITS LIMITED AT KHASA DISTILLERY CO, A UNIT OF DIGVIJAY CHEMICALS LTD, KHASA DIST AMRITSAR PUNJAB 143 107 તથા LIC NO 10015063000643 લખેલ છે જે એક બોટલની કિ.રૂ. ૧૬૫૦/- ગણી કુલ બોટલ નંગ ૦૪ ની કિ.રૂ.૬૬૦૦/- ગણી પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોંટાડી ઉપર પો.ઈન્સ. વઢવાણના હોદ્દાનુ લાખ વડે શીલ કરી એફ.એસ.એલ. સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

(૨) બ્લેક એન્ડ વાઈટ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઈન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ ૦૫ જેના ઉપર BOTTLED(PACKED) BY UNITED SPIRITS LIMITED AT KHASA DISTILLERY CO, A UNIT OF DIGVIJAY CHEMICALS LIMITED KHASA DIST AMRITSAR PUNJAB 143 107 તથા LIC NO 10012043000382 તથા બેંચ નંબર QBB 21/L4 લખેલ છે. જે એક બોટલની કિ.રૂ.૧૭૯૧/- ગણી કુલ બોટલ નંગ ૦૫ ની કિ.રૂ.૮૯૫૫/- ગણી પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ છે.તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોટાડી ઉપર પો.ઈ.વઢવાણના હોદાનુ લાખ વડે શીલકરી એફ.એસ.એલ.સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

(3) VAT 69 બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કી ફોર સેલ ઈન દિલ્હી ઓન્લી લખેલ કાચની ૭૫૦ એમ.એલની શીલબંધ બોટલો નંગ ૦૩ જેના ઉપર MARKETED BY UNTED SPIRTS LTD UBTOWER 24 VITAL MALYA ROAD BENGALURU 56001 તથા LIC NO 10012043000382 તથા બેંચ નંબર QVQ 18/L4 લખેલ છે જે એક બોટલની કિ.રૂ.

૧૯૪૩/– ગણી કુલ બોટલ નંગ ૦૩ ની કિ.રૂ.૫૮૨૯/– ગણી પંચો રૂબરૂ તપાસ અર્થ કબ્જે કરેલ છે. તેમજ તે બોટલો પૈકી એક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી ચોંટાડી ઉપર પો.ઇન્સ. વઢવાણના હોદ્ધાનુ લાખ વડે શીલ કરી એફ.એસ.એલ. સેમ્પલ અર્થે અલગથી કાઢી લીધેલ છે.

બાદ મજકુર ઇસમો જે સફેદ કલરની સ્વીફ્ટ ગાડીમાં ભારતીય બનાવટનો વીદેશી દારૂનો જથ્થો લઇ આવેલ હોય તે સ્વીફ્ટ ગાડી જોતા મારૂતી સુઝુકી કંમ્પનીની સ્વીફ્ટ ગાડી જેના આગળ પાછળ રજી નંબર જોતા GJ 01 KB 5030 હોય જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/–ગણી ઉપરોક્ત તમામ મુદ્ધામાલ તપાસ અર્થે કબ્જે કરેલ તેમજ એક મરૂન કલરનો થેલો કિ. રૂા.૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. બાદ મજકુર ઇસમ જગદીશભાઈ ખોડુભાઈ ખેર વાળાની અંગઝડતી કરતા એક સફેદ કલરના કવરવાળો પાછળના ભાગે શીવાજી મહારાજના ચીત્ર વાળો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન મળી આવતા કિ.રૂ.૫૦૦૦/– ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. અને આ અંગેનુ વિગતવારનુ પંચનામુ અમોએ કલાક.૨૨/૪૦ થી કલાક. ૨૩/૧૦ વાગ્યા સુધીનુ કરી લઈ પકડાયેલ પ્રથમ ઇસમને ગુનાના કામે ધોરણસર અટક કરેલ. મજકુર બન્ને ઇસમોએ ગે.કા.પાસપરમીટ વગર પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સ્વીફ્ટ ગાડી રજી નંબર GJ 01 KB 5030 કિ.રૂ.૧,૫૦,૦૦૦/– વાળીમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની અલગ અલગ કંમ્પનીની શીલબંધ બોટલો નંગ.૧૨ કિ.રૂ.૨૧૩૮૪/– તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/– તથા એક મરૂન કલરનો થેલો કિ. રૂા.૦૦/૦૦ મળી કુલ કિ.રૂ. ૧,૭૬,૩૮૪/– ના મુદ્ધામાલ સાથે અટક કરેલ. પ્રોહીબીશન એક્ટ કલમ.૬૫(એ)(એ),૧૧૬બી, ૯૮(૨),૮૧ મુજબ ફરિયાદ સાથેના પો.કો.નાઓએ આપેલ. બાદ પી.એસ.ઓ.શ્રીએ ગુનો દાખલ કરી તપાસ અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ. આરોપીને અટક કરી આંક–૭ વાળુ પંચનામુ કરેલ, મુદામાલ રવાનગી પત્રક તૈયાર કરેલ. બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. મુદામાલ જોયે ઓળખુ છુ. આરોપીને ઓળખુ છુ. જે આજરોજ કોરટ્મા હાજર નથી. આરોપી તરફે મુકિત રીપોર્ટ હોય ઓળખ અંગે તકરાર નથી.

જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતો મુદામાલ જે કંપનીનો હતો તે કંપનીના અધિકૃત અધિકારીના કોઇ નિવેદનો નોંધેલ નથી. કહેવાતો મુદામાલ શીલબંધ હોય તે અંગે કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે આજદિન સુધી કોઇ મુદામાલ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી. સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ સિવાય સાહેદને પુછવામાં આવેલ

સવાલોના ઈન્કારમા જવાબ આપેલ છે.

(૭) આમ, દફતરી સામગ્રી ઉપર આવેલ પુરાવો જોતા, ઉપરોકત સાહેદો આ કામના ફરીયાદી તથા ત.ક.અ. છે અને ફરીયાદીએ સદરહુ ગુનાની ફરીયાદ નોંધાવેલ હોવાની અને ત.ક.અ.શ્રીએ સદર ગુનાની તપાસ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવામાં એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે જે જગ્યાએ રેડ કરેલ તે જગ્યાએથી રેડ દરમ્યાન આરોપીના કબ્જામાંથી પ્રતિબંધીત મુદામાલ ઇંગ્લીશ દારૂ જ હતો તેવુ માની શકાય નહિ. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ જેમની હાજરીમા રેડ કરવામાં આવેલ છે તે પંચ/સાહેદોને સદર કામે તપાસેલ છે. પરંતુ પંચ/સાહેદો પણ તેમની હાજરીમા કોઈ રેડ કરવામાં આવી હોય કે તેઓ પોલીસ સાથે કયાય ગયેલ હોય અને આરોપીના કબ્જામાંથી ઇંગ્લીશ દારૂ મળી આવેલ હોય અને તે અંગેનુ વિગતવારનુ તેઓની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ તૈયાર કરેલ હોય તેવી હકિકતને પૃષ્ટી પ્રાપ્ત થયેલ નથી. આમ, જે કાર્યવાહી આરોપી સામે થયેલ છે તેના પંચોએ આવી કોઈ જ હકીકતને સમર્થન કરેલ નથી અને પંચો એ સ્વતંત્ર છે. આ ઉપરાંત બનાવના સ્થળે સ્વતંત્ર સાહેદોની હાજરી સુચક હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહિ.

(૮) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવુ અનુમાન કરવાનુ હોય છે કે, જયારે સાહેદ સોંગદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓએ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે સિવાય કે, તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયા સુધી એવી હકિકત સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યા સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતુ નથી. "પુરાવાનુ મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનુ ક્રિમીનલ જસ્ટીશ સીસ્ટમમાં સત્ય શુ છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહે છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી. કારણ કે, દરેક કેસની હકિકતો પુરાવાની આજુબાજુના પરીબળો તે તમામે હકિકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ મા કરવામાં આવેલ સાબિત અને ના-સાબિત વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકિકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી અનેક સામાન્ય સમજદારી

ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકિકતનુ અસ્તીત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૮.૧)** આ કામે જોવા જઈએ તો હાલના ઇંગ્લીશ દારૂના કબ્જાના કેસમાં ફરીયાદપક્ષે પંચનામુ એ એક અગત્યનો દસ્તાવેજ છે. આ પંચનામાની હકીકતો પંચ સાહેદોના મૌખિક પુરાવાથી પુરવાર થવી જોઈએ. સદર કામે પુરાવો વંચાણે લેતા પંચસાહેદ પંચનામાની હકિકતોને બિલકુલ સમર્થન આપેલ નથી. આમ પંચનામુ સાબિત થતુ નથી. બનાવવાળુ સ્થળ જાહેર વિસ્તાર હોવા છતા કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. કબ્જે લેવાયેલ મુદામાલ ઇંગ્લીશ દારૂ હોય તો તે અંગેના તેમના ઉત્પાદકોના કોઈ નિવેદન લેવાયેલા નથી. એ વાત સ્પષ્ટ થતી નથી કે, જે બોટલો કરેલ છે તે બોટલોના સીલ ઉપર પંચોની સહીવાળી કાપલી લગાવેલ નથી. બોટલો જે જપ્ત છે તેવા ઉત્પાદકો અને સક્ષમ અધિકારીનુ નિવેદન લીધેલ નથી. કહેવાતો મુદામાલ જે જગ્યાએથી કબ્જે લેવાયેલ છે તે જગ્યાની માલિકી બાબતે કોઇ તપાસ થયેલ નથી. વળી બનાવવાળો વિસ્તાર પબ્લીકની અવર જવરવાળો વિસ્તાર છે તેમ છતા પણ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી.

**(૯) નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.જી.પટેલ, જી.એચ.જે.૨૦૧૧, ભાગ–૨૬, પાના નં.૧** ધ્યાને લેતા જો મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી અગર એક પણ પંચ હોસ્ટાઈલ જાહેર થાય ત્યારે પઝેશન અને જપ્તી અને જડતીના એટલે કે, પ્રોહીબીશનના કેસો બિયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર થઈ શકે નહિ અને આ ચુકાદાના નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવવા અને છોડી મુકવા ટ્રાયલ અદાલતના ચુકાદાને યથાર્થ ઠેરવેલ છે. હાલના હાથ પરના કેસમાં કથીત મુદામાલ આરોપીના સભાન કબ્જામાંથી કબ્જે લેવાયેલ છે તે પુરવાર થતુ ન હોય. આમ જડતી અને જપ્તીની પ્રક્રિયા નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૦)** આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદોના પુરાવાથી, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા અને નિઃશંક પુરાવાઓથી સાબીત કરી શકેલ હોય તેમ જણાતુ ન હોય તેમજ આરોપી ક્રિમીનલ જયુરીસપ્યુડન્સના સિંધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હક્કદાર ઠરતા હોવાનુ આ અદાલતનુ માનવુ હોય. મુદા નંબર–૧ નો જવાબ " નકારમા " ઠરાવી મુદા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**– : હુકમ : –**

(૧) આ કામના આરોપી જગદિશભાઈ ખોડુભાઈ ખેર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ હેઠળ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ.એ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હામાંથી પુરતા અને નિઃશંક પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદામાલ સબંધે અગાઉ કરવામા આવેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. જયારે બાકીના પ્રોહીબીશન મુદામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ અનુસાર આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/–ની રકમના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૧૩, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૨૬
સ્થળઃ– વઢવાણ.

(જે.ડી.પટેલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
વઢવાણ.
જજ કોડ–જીજે–૦૧૬૧૩